ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ''હું ૩૦૧ વર્ષનું આયુષ્ય ભોગવીશ''

## પૂ. ચુંદડીવાળા માતાજીનો વિજ્ઞાનને ખુલ્લો પડકાર

**સે. ૧૩-બીમાં જય અંબે પરિવાર આયોજિત ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવમાં પધારેલા અંબાજીના પૂ. ચુંદડીવાળા માતાજીએ પોતે ૩૦૧ વર્ષ સુધી જીવશે તેવી આગાહી કરતા શ્રધ્ધાળુઓ અચંબિત**

ગાંધીનગર, તા. ૭

''વિજ્ઞાનને મારો પડકાર છે, હું ૩૦૧ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવીશ'' આ શબ્દો આજે ગાંધીનગરના સેક્ટર-૧૩-બીમાં જય અંબે પરિવાર દ્વારા આયોજિત



ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવમાં અંબાજીથી પધારેલા પૂ. ચુંદડીવાળા માતાજીએ કહ્યાં ત્યારે સમગ્ર સભા મંડપમાં ઉપસ્થિત શ્રદ્ધાળુ જનમેદની અચંબિત થઈ ઉઠી હતી અને સૌએ એક સાથે માતાજીનો જયજયકાર પોકાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ચુંદડીવાળા માતાજી ભક્તિવંદના મહોત્સવમાં ૭૧ વાનગીઓના અન્નકૂટ ભોગ સમયે પધાર્યા હતા જેઓ પોતે આશરે ૮૦ વર્ષથી અન્ન-જળ ગ્રહણ કર્યા વગર સ્વસ્થ આધ્યાત્મિક જીવન વ્યતિત કરી રહ્યાં છે જે પણ વિજ્ઞાન માટે પડકાર છે.

ગાંધીનગર જિલ્લાના માણસા પાસેના ચરાડા ગામના મૂળ વતની પ્રહલાદભાઈ જાની જેઓ વર્ષ ૧૯૨૯માં જન્મ્યાં હતા અને આશરે દસેક વર્ષની વયે તેમને મા અંબાનો સાક્ષાત્કાર થતાં અન્ન-જળ ત્યાગી આકરી તપશ્ચર્યાએ નીકળી પડ્યાં હતા. એવું કહેવાય છે કે બાળવયે તેમને એકવાર ત્રણ દિવ્ય પુરૂષો મળ્યાં હતા જેમણે પોતાની સાથે આવવા જણાવ્યુ હતુ પરંતુ પ્રહલાદભાઈએ ઈન્કાર કરી દીધો હતો, આ પુરૂષો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ હતા તેવુ તેમણે ચુંદડીવાળા માતાજી બન્યા પછી જણાવ્યુ હતુ. આ પછી ત્રણ દિવ્ય મહિલાઓ આવી હતી અને તેમણે બાળક પ્રહલાદને સાથે આવવા નિમંત્રિત કર્યો હતો ત્યારે તેમણે હા પાડી અને સાથે ચાલવાં લાગ્યા હતા અને થોડે દૂર જઈ બાળસહજ પ્રશ્ન કર્યો કે ''માતાજી મારે જમવાનુ શું ?'' ત્યારે ત્રણમાંથી એક મહિલાએ તેમની જીભ પર આંગળી મુકીને કહ્યું કે ''હવે તારે ખાવા-પીવાની કોઈ જરૂર નથી.'' બસ આ પછી તેમને મહિલામાં મા અંબાનો સાક્ષાત્કાર થયો અને પોતાના ઘરે આવી માતા પાસે ઘર છોડીને જવાની અનુમતિ માંગી હતી અને તે સમયે માતાજીના સાક્ષાત્કારના પ્રમાણ સ્વરૂપે તેમના ઘરમાં અચાનક અખંડ દિવો પ્રગટ્યો હતો અને માતાજીના કંકુના પગલાં પડ્યાં હતા.

કુમળી વયે ગૃહ ત્યાગ કર્યા બાદ તેમણે સૌ પ્રથમ નર્મદા પરિક્રમા કરી હતી અને એવું કહેવાય છે કે તેમણે સતત એક વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

### તબીબો-વિજ્ઞાનીઓ અગાઉ ચકાસી ચુક્યાં છે

પૂ. ચુંદડીવાળા માતાજી અન્ન-જળ ગ્રહણ કર્યા વગર જીવે છે તે વાત વહેતી થતા વર્ષ ૨૦૦૩માં સ્ટર્લિંગ હોસ્પિટલમાં ડૉ. સુધીર શાહની ટીમે સતત ૧૫ દિવસ સુધી તેમનું ટેસ્ટિંગ કર્યુ હતુ. આ પછી વર્ષ ૨૦૧૦માં ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયકોલોજી એન્ડ એલાઈડ સાયન્સિઝ એટલે કે ''દિપાસ''ની ૩૫ વિજ્ઞાનીઓની ટીમ દ્વારા પણ સતત ૨ સપ્તાહ સુધી ચોવીસે કલાકના વિડિયો શુટિંગ સાથે માતાજીની તપાસ કરવામાં આવી હતી. તમામ ચકાસણી પછી તબીબોએ અને વિજ્ઞાનીઓએ સ્વીકાર કર્યો હતો કે તેઓ કાંઈ પણ અન્ન-જળ લીધા વિના સ્વસ્થ જીવન જીવે છે તે તેમના સિદ્ધયોગનો જ ચમત્કાર છે. આ પછી આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ટીવી ચેનલોએ પૂ. માતાજી આધારિત ડોક્યુમેન્ટી બનાવી પ્રદર્શિત કરેલ છે. આજે પૂ. માતાજીની વય ૯૧ વર્ષની છે અને એવું કહેવાય છે કે તેમના બ્લડ ટેસ્ટમાં હિમોગ્લોબીન ૨૧ ટકા જેટલુ આવે છે.

# સમગ્ર શહેરમાંથી ડેન્ગ્યુના વધુ ૧૫ કેસ મળી આવ્યા

**મનપા વિસ્તારમાં કેસોની સંખ્યા ૪૫૦ નજીક પહોંચી : સિલીંગ અને દંડનીય જોગવાઈ માટે તંત્રએ કવાયત હાથ ધરી હોવાના મળેલા સંકેતો**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં ડેન્ગ્યુના આજે વધુ ૧૫ કેસ મળતાં આ સિઝનના કુલ કેસોની સંખ્યા ૪૫૦ની નજીક પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસોની સાથે સાથે ચિકનગુનિયાના પણ ૩ કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા એક જ પ્રકારના મચ્છરો કરડવાથી થાય છે.

શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૪૫૦ની નજીક પહોંચતાં જ તંત્રની ચિંતા વધી જવા પામી છે. વર્તમાન વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ હોવાથી તંત્રે એન્ટી લારવેલ અને ફોગીંગની કામગીરી સઘન બનાવી છે.

ગાંધીનગર શહેરમાં ૨૫ હજારથી વધુ મકાનોમાં ફોગીંગની કામગીરી તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત સતત અને સઘન સર્વેલન્સ પછી પણ જે કેસો નીકળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

વરસાદની બદલાયેલી પેટર્ન તેમજ વધુ વરસાદને કારણે અને વરસાદી પાણીના નિકાલની અપૂરતી વ્યવસ્થાને પગલે આ વખતે વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં વધારો થયો છે તેવુ તંત્રનું સ્પષ્ટ માનવુ છે. આ ઉપરાંત ડેન્ગ્યુના કેસોમાં આ વખતે બાળ દર્દી તેમજ મહિલા દર્દીઓની સંખ્યામાં ભારે વધારો જોવા મળ્યો છે. તંત્ર દ્વારા જનજાગૃતિના તમામ પ્રયાસો પછી પણ કેસોની સંખ્યામાં થયેલા વધારાને લઈ ચિંતામાં ઉમેરો થયો છે. ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસો માટે તંત્રએ સતત અને સઘન સર્વેલન્સ દરમ્યાન સતત બ્રિડીંગ મળી રહ્યાં છે. એવુ જાણવા મળેલ છે કે મનપા પણ હવે પછી દંડનીય કામગીરી તેમજ સીલીંગના પગલાં લેવા માટે એક્ટમાં સુધારો કરવા અંગે મન બનાવી લીધુ છે.

# જિલ્લામાં ૩૪૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ ખેતીને નુકસાન

**જિલ્લાના ૧૯૯ ગામોમાં ૫૮ જેટલી ટીમો દ્વારા ૪૨,૮૭૧ હેક્ટર વિસ્તારમાં સર્વેની કામગીરી સંપન્ન થઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કમોસમી વરસાદથી ૩૪૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ૩૩ ટકાથી પણ વધુ નુકશાન ખેતીને થયાનું પ્રાથમિક તારણ બહાર આવ્યુ છે.

જિલ્લાના ૧૯૯ ગામો અને ૩૧૯૩ ખેડૂતોને આ નુકસાન થવાનો પ્રાથમિક અંદાજ છે.

ઓક્ટો. માસમાં થયેલા કમોસમી વરસાદને પગલે સરકારે તંત્રને તાત્કાલિક સર્વે કરવા માટેના આદેશો જારી કર્યા હતા. આ ઉપરાંત વીમા કંપનીઓને પણ ખેડૂતોને સમયસર વળતર મળે તે માટે તેમને પણ સર્વે કરી અને ઝડપથી નિર્ણયો લેવા માટે જણાવવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં ૫૮ જેટલી ટીમો બનાવી અને કપાસ, મગફળી, ડાંગર અને કઠોળના પાકોમાં થયેલા નુકશાન અંગેનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં સર્વેની હાથ ધરાયેલ કામગીરીમાં હાલ ૪૨,૮૭૧ હેક્ટર વિસ્તારમાં સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

આ પૈકી ૪૫૬૬ હેક્ટર જેટલો વિસ્તાર અસરગ્રસ્ત વિસ્તાર તરીકે અલગ તારવવામાં આવેલ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૩૩ ટકા કરતાં પણ વધુ નુકશાન ખેતીમાં થયુ હોય તેવો વિસ્તાર લગભગ ૩૪૦૦ હેક્ટરથી વધુ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે કમોસમી વરસાદને પગલે જિલ્લાના ૧૯૯ ગામોમાં ૩૧૯૩ જેટલા ખેડૂતોને આ નુકશાન થવા પામ્યુ છે.

જિલ્લામાં ડાંગરના પાકને સૌથી વધારે નુકશાન થયાના હાલના પ્રાથમિક અંદાજો છે. આ પછી મગફળીનો પાક આવે છે. કપાસના ઉત્પાદન અને તેની

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ-ગાંધીનગર તાલુકામાં વરસાદના હળવા ઝાપટા

**વાદળછાયુ વાતાવરણ : વાતાવરણમાં પલ્ટો : ખેડૂતોની ચિંતામાં વધારો : રવિ સીઝનમાં સરેરાશ વાવેતરની જળવાઈ રહેવાની આશા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના કલોલ અને ગાંધીનગર તાલુકામાં આજે હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા. જો કે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતુ. મળતી વિગતો પ્રમાણે ગઈકાલે મોડી રાત્રે કલોલ તાલુકામાં ૩ મી.મી. અને આજે દિવસ દરમ્યાન ૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ગાંધીનગર તાલુકામાં આજે વહેલી સવારે ૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. ગઈકાલ રાતથી જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ગાંધીનગર તાલુકાના કેટલાક ગામોમાં છાંટા પડ્યા હતા. જો કે વહેલી સવારે ૬ વાગ્યાથી વરસાદ શરૂ થયો હતો અને ૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આ પછી સવારે ૧૧.૩૦ થી ૧૨ ની વચ્ચે હળવા છાંટા થયા હતા.

કલોલમાં પણ ગઈકાલે રાત્રે ૩ મી.મી. અને આજે વહેલી સવારે ૧ મી.મી. મળી કુલ ૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતુ પરંતુ વરસાદ છુટો છવાયો થયો હતો. આમ તો જિલ્લામાં મહા વાવાઝોડાની અસરને લઈ જિલ્લામાં હળવો સાર્વત્રિક વરસાદ થશે તેમ મનાતુ હતુ. હજુ આવતીકાલે પણ વાદળછાયુ વાતાવરણ રહેશે અને જિલ્લામાં વરસાદ થશે તેવુ હવામાન ખાતાના સૂત્રોનું કહેવુ છે. આજે સવારે થયેલા વરસાદના હળવા ઝાપટા પછી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

જિલ્લામાં વાદળછાયા વાતાવરણને કારણે ખેડૂતોમાં પણ ચિંતાનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે. રવિ સીઝનની વાવણી મોડી થશે એ પણ હવે નિશ્ચિત બની ચુક્યુ છે. જિલ્લામાં ખરીફ સિઝન દરમ્યાન પણ વરસાદની બદલાયેલી પેટર્નના પગલે વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો હતો. જો કે પાછોતરો વરસાદ સારો થતાં રવિ સીઝનમાં જિલ્લાના વાવેતર વિસ્તારની સરેરાશ જળવાઈ રહેશે તેમ મનાઈ રહ્યું છે.

# હવે લોનના બોજા સાથે પણ બિનખેતીની પરવાનગી અપાશે

**સરકારનો ખેડૂતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય : સરકાર દ્વારા બિનખેતીની કાર્યપદ્ધતિમાં અગત્યના સુધારા કરાયા : બોજો હશે તો તે પ્રોપર્ટી કાર્ડની વિગતોમાં તબદીલ**

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં મહેસૂલ ખાતા દ્વારા ડિજિટલાઈઝેશન તરફ ઔર એક કદમ આગળ વધારવામાં આવ્યુ છે. જે મુજબ, હવે લોનના બોજા સાથે પણ બિનખેતીની પરવાનગી આપવામાં આવશે. ૭/૧૨માં બોજો નોંધાયેલ હોય તો તે પ્રોપર્ટી કાર્ડની વિગતોમાં તબદિલ થશે. લોન સાથે બિનખેતીની પરવાનગીની લે-વેચમાં પણ સુધારો શકય બનશે. સૌથી મહત્વનું એ છે કે, આ સમગ્ર પ્રક્રિયા પણ ઓનલાઈન બનશે. આજે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે આ અંગે મહત્વની જાહેરાત કરી હતી. રાજ્ય સરકાર દ્વારા કરાયેલ બીનખેતીની કાર્યપધ્ધતિમાં કરવામાં આવેલા સુધારા વિષે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે વધુમાં જણાવ્યું કે, હાલમાં ઓનલાઈન બિનખેતી પરવાનગીની અરજીનો સૈધ્ધાંતિક સ્વીકાર થયેથી અરજદારને નાણાં ભરવા અંગેની જાણ ઈ-મેઈલથી કરવામાં આવે છે. આ નાણાંનું ઓનલાઈન પેમેન્ટ તથા ટ્રેઝરી ધ્વારા ખરાઈનો મેસેજ આવ્યા બાદ અરજદારને બિનખેતી પરવાનગીનો હુકમ આપવામાં આવે છે. આ કાર્યપધ્ધતિમાં સુધારો કરાતા, અરજદારને ઈન્ટીમેશન લેટરની સાથે એન એ પરવાનગીની પ્રોવિઝનલ મંજૂરી અંગેનો પત્ર પણ ઈ-મેઈલથી મોકલવામાં આવશે. મહેસૂલ મંત્રીએ ખેડુત ખાતેદાર ખરાઈ અંગેની કાર્યપધ્ધતિમાં કરવામાં આવેલ સુધારા વિષે માહિતી આપતા જણાવ્યું કે, હાલમાં જમીન અંગેની વિવિધ પરવાનગી મેળવવાની અરજી મંજુર કરવાની કાર્યવાહી દરમ્યાન જરૂરીયાતના કિસ્સામાં અરજદાર ખેડૂત ખાતેદાર છે કે કેમ? તે અંગેની ખરાઈ કરવાની રહે છે. ઓનલાઈન જ અરજદાર અગાઉની જમીનની વિગતો પણ દાખલ કરી શકશે. આ ખરાઈ ઓફ લાઈન થવાને કારણે તથા કોઈ કિસ્સામાં એક જિલ્લાનો અરજદાર બીજા જિલ્લામાં આવી પરવાનગીઓ મેળવવા અરજી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કારતક મહિને શ્રાવણનો માહોલ

**વાવાઝોડાની અસર તળે શહેરમાં મોડી રાત્રે અને સવારે વરસાદી ઝાંપટા પડ્યા : વાતાવરણમાં ઠંડક છવાઈ : આકાશમાં વાદળો ઘેરાયા**

ગાંધીનગર, તા. ૭

'મહા' વાવાઝોડાની અસર ગાંધીનગર પર પણ જોવા મળી



રહી છે. છેલ્લા બે દિવસથી વાદળોની અવરજવર રહી હતી. ગઈરાત્રે વાદળો વધુ ઘેરા બન્યા બાદ વરસાદી ઝાંપટા પડ્યા હતા. દિવસ દરમ્યાન પણ અવારનવાર ઝાંપટા પડ્યા હતા.

શિયાળો બેસી ગયો તેમ છતાં અવારનવાર શહેરમાં વરસાદી વાતાવરણ છવાઈ જાય છે. ઉપરાઉપરી બે વાવાઝોડા અરબી સમુદ્રમાં ઉદ્‌ભવતા તેની અસર કચ્છ-સૌરાષ્ટ્ર ઉપરાંત છેક ઉત્તર ગુજરાત સુધી જોવા મળી રહી છે. ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાદળોની થોડીઘણી અવરજવર જોવા મળી હતી. મોડી રાત્રે વાદળો વધુ ઘેરા બન્યા હતા. રાત્રે જ કમોસમી ઝાંપટુ પડ્યું હતું. સવારે પણ વાદળો ઘેરાયેલા રહેતા વાતાવરણમાં ધુમ્મસ છવાયો હતો. અવારનવાર વરસાદી ઝાંપટા પડી જતા હતા. વરસાદી ઝાંપટાને પરીણામે માર્ગો ભીના થઈ ગયા હતા. ગૃહિણીઓને કપડાં સુકવવામાં તકલીફ ઉભી થઈ હતી. કારતક માસમાં અષાઢી માહોલ છવાયો હતો. બપોર બાદ વાદળો થોડાક વિખેરાયા હતા. વાદળો વિખેરાતા તડકો પણ નીકળ્યો હતો. જોકે મોડી સાંજે પુનઃ વાદળોનો જથ્થો આકાશમાં જોવા મળ્યો હતો. અરબી સમુદ્રમાં સર્જાયેલુ વાવાઝોડુ નબળુ પડી ગયુ હોવાના અહેવાલ છે. જેના કારણે તંત્રએ રાહત અનુભવી છે પરંતુ વાવાઝોડાની અસર હજુ બે-ત્રણ દિવસ રહેશે જેના કારણે ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ વરસી શકે છે.



૨૦ સીટની મિનીબસ
ટેમ્પો ટ્રાવેલર ભાડે મળશે
Contact
94276 16601

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પલેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com